# ડેડ ઈન્ટરનેટ થિયરી!

# આપણે સોશિયલ મીડિયા પર ‘ભૂતો’ સાથે વાત કરી રહ્યા છીએ!

**વિકલ્પ**
★ દીપક આશર

શું ઈન્ટરનેટ પરથી અસલી ઈન્સાન ખતમ થઈ રહ્યા છે? શું સોશિયલ મીડિયા હવે માત્ર બોટ્સ અને મશીનોનું કબ્રસ્તાન બની રહ્યું છે? અત્યારે તમે ફેસબુક, ઈન્સ્ટાગ્રામ કે એક્સ (ટ્વિટર) ખોલો એટલે એઆઈ દ્વારા બનાવેલા ફોટા અને ડીપફેક વીડિયોનો પૂર જોવા મળે છે. આ ભીડમાં ‘ડેડ ઈન્ટરનેટ થીયરી’ ફરી ચર્ચામાં આવી છે. ચાલો સમજીએ કે આ આખી બલા શું છે અને તેની અસર તમારી વિચારધારા, પ્રાઈવસી અને લોકશાહી પર કેવી રીતે પડી રહી છે.

તમે નોંધ્યું હશે કે છેલ્લા કેટલાક મહિનાઓથી સોશિયલ મીડિયાનું વાતાવરણ બદલાઈ ગયું છે. ક્યારેક રસ્તા પર ઊભેલી એક વૃદ્ધ મહિલાનો હૃદયદ્રાવક વીડિયો સામે આવે છે, જેમાં તે રડતા રડતા કહે છે, મારો દીકરો નથી રહ્યો. લોકો ભાવુક થઈને તેને શેર કરે છે, લાખો લાઈક્સ મળે છે. પરંતુ થોડા સમય પછી ખબર પડે છે કે એ વૃદ્ધ મહિલાનું કોઈ અસ્તિત્વ જ નથી! તે માત્ર એઆઈ દ્વારા જનરેટ કરેલો એક ભ્રમ હતો!

ક્યારેક કોઈ મોટા નેતાનો એવો વીડિયો વાયરલ થાય છે, જેમાં તે એવી વાત કરે છે જે તેમણે ક્યારેય બોલી જ નથી. પછી ખબર પડે છે કે તે ‘ડીપફેક’ હતું. આ બધું જોઈને મનમાં એક સવાલ થાય છે- શું ઈન્ટરનેટ ખરેખર મરી રહ્યું છે? શું હવે ઈન્ટરનેટ પર માણસો ઓછા અને મશીનો વધી ગયા છે?

શું છે ‘ડેડ ઈન્ટરનેટ થીયરી’?:

ડેડ ઈન્ટરનેટ થીયરી મુજબ ઈન્ટરનેટ હવે અસલી લોકોનું રહ્યું નથી. આ થીયરીનો દાવો છે કે ઈન્ટરનેટ પર દેખાતી મોટાભાગની પ્રવૃત્તિઓ મનુષ્યો દ્વારા નહીં, પણ ઓટોમેટેડ બોટ્સ અને એઆઈ સિસ્ટમ દ્વારા કરવામાં આવે છે.

## આ થિયરીના મુખ્ય મુદ્દા શું છે?:

- સોશિયલ મીડિયા પરના કરોડો એકાઉન્ટ્સ અસલી માણસના નથી.
- ટ્રેન્ડિંગ ટોપિક્સ ઘણી વાર કુદરતી રીતે નહીં, પણ એલ્ગોરિધમ દ્વારા મેન્યુફેક્ચર કરવામાં આવે છે.
- કોમેન્ટ્સ, લાઈક્સ અને શેરનો મોટો હિસ્સો બોટ્સ દ્વારા જનરેટ થાય છે.
- ઈન્ટરનેટ પર કન્ટેન્ટનો જથ્થો વધી રહ્યો છે, પણ તેની ગુણવત્તા અને સત્યતા ઘટી રહી છે.

વર્ષ ૨૦૨૪ થી ૨૦૨૬ વચ્ચે એઆઈના વિસ્ફોટ પછી આ થીયરી વધુ મજબૂત બની છે. હવે બોટ્સ માત્ર સ્પામ મેસેજ નથી મોકલતા, પણ તે આખેઆખા આર્ટિકલ લખે છે, વીડિયો બનાવે છે અને તમારી સાથે એવી રીતે દલીલ કરે છે કે તમને લાગે કે સામે કોઈ માણસ જ છે. ઈન્ટરનેટ ટેકનિકલી જીવંત છે, પણ સામાજિક રીતે તે ‘ડેડ’ થઈ રહ્યું છે. પહેલા ઈન્ટરનેટનો અર્થ હતો- માણસો લખતા, માણસો વાંચતા અને માણસો પ્રતિક્રિયા આપતા. હવે સ્થિતિ એવી છે કે એઆઈ કન્ટેન્ટ લખે છે, બોટ્સ તેને લાઈક કરે છે, અને બીજા એઆઈ એકાઉન્ટ્સ તેના પર કોમેન્ટ કરે છે. જો આ બધું વાંચીને કોઈ અસલી માણસ તેને સાચું માની લે, તો નેરેટિવ (વૈચારિક પ્રવાહ) મનુષ્યના હાથમાં નથી રહેતો, મશીનોના હાથમાં જતો રહે છે.

૨૦૨૨ પછી જનરેટિવ એઆઈના આગમનથી ખેલ બદલાઈ ગયો છે. પહેલા ફેક ફોટો કે વીડિયો બનાવવા માટે ફોટોશોપ અને એડિટિંગના કસબની જરૂર પડતી. હવે કોઈ પણ વ્યક્તિ મોબાઈલ પર માત્ર એક ‘પ્રોમ્પ્ટ’ લખીને સેકન્ડોમાં ફેક રિયાલિટી તૈયાર કરી શકે છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સને ‘એન્ગેજમેન્ટ’ (વધુમાં વધુ લોકો રોકાઈ રહે) જોઈએ છે, અને એઆઈ એવું કન્ટેન્ટ બનાવે છે જે આઘાતજનક, ભાવુક કે ગુસ્સો અપાવનારું હોય. એલ્ગોરિધમ આવા જ કન્ટેન્ટને પુશ કરે છે કારણ કે તેમાં નફો વધારે છે.



સાયબર સિક્યોરિટી રિપોર્ટ્સ મુજબ, ગ્લોબલ ઈન્ટરનેટ ટ્રાફિકનો આશરે ૫૦% હિસ્સો બોટ્સ જનરેટ કરે છે. તેમાં ગૂગલ સર્ચ જેવા સારા બોટ્સ પણ છે અને પ્રોપગેન્ડા ફેલાવતા ખરાબ બોટ્સ પણ છે. હવેના એઆઈ બોટ્સ જૂના બોટ્સ જેવા ‘મૂર્ખ’ નથી. તે તમારી સાથે સહાનુભૂતિ બતાવી શકે છે, દલીલ કરી શકે છે અને તમને ઈમોશનલી મેનીપ્યુલેટ પણ કરી શકે છે.

પહેલાં ચૂંટણી સમયે ખોટી માહિતી આડેધડ ફેંકવામાં આવતી ન હતી, પણ હવે એઆઈ તેને એક ઘાતક હથિયાર બનાવી દીધું છે. નેતાઓના અવાજમાં ડીપફેક ઓડિયો બનાવીને જનતાને ગેરમાર્ગે દોરવામાં આવે છે. એઆઈ તમારી સાયકોલોજી સમજીને તમને એવું જ કન્ટેન્ટ બતાવશે જે તમારી રાય બદલી શકે. હજારો એવી વેબસાઈટ્સ જે માત્ર એઆઈ દ્વારા ન્યૂઝ લખે છે અને પ્રોપગેન્ડા ફેલાવે છે. ભારત જેવા દેશમાં જ્યાં ડિજિટલ સાક્ષરતા ઓછી છે અને વોટ્સએપ ગ્રુપ્સનો પ્રભાવ વધારે છે, ત્યાં આ જોખમ અનેકગણું વધી જાય છે. અહીં લોકો વીડિયોને તરત જ સાચો માની લે છે, જે રમખાણો કે સામાજિક અસ્થિરતા પેદા કરી શકે છે.



તમે જ્યારે સોશિયલ મીડિયા વાપરો છો, ત્યારે તમે ડેટા જનરેટ કરો છો. તમારી પસંદ, તમારી નફરત, તમારી ખરીદવાની આદત, બધું જ ટ્રેક થઈ રહ્યું છે. એઆઈ આ ડેટાનો ઉપયોગ કરીને તમારી નબળાઈઓ શોધી કાઢે છે. જો કોઈ રાજકીય પક્ષ કે કંપની આ ડેટા મેળવી લે, તો તમે સ્વતંત્ર નાગરિક મટીને માત્ર એક ‘ડેટા સબ્જેક્ટ’ બની જાવ છો.

આ ઉપરાંત, એઆઈ કન્ટેન્ટના અતિરેકથી આપણું ‘એટેન્શન સ્પાન’ ઘટી રહ્યું છે. આપણે ટૂંકા અને શોકિંગ વીડિયોના આદિ બની ગયા છીએ. સત્ય ઘણીવાર લાંબુ અને કંટાળાજનક હોય છે, જ્યારે જુઠ્ઠું ટૂંકું અને ડ્રામેટિક હોય છે. આ રીતે આપણી વિચારવાની ક્ષમતા પણ આળસુ બની રહી છે.

ભારતમાં અત્યારે ‘વોઈસ ક્લોનિંગ’ સ્કેમ્સ વધી રહ્યા છે. કોઈ પિતાને કોલ આવે છે, સામે દીકરાનો અવાજ હોય છે જે કહે છે, મારો અકસ્માત થયો છે, જલ્દી પૈસા મોકલો. ગભરાઈને પિતા પૈસા ટ્રાન્સફર કરી દે છે. પછી ખબર પડે છે કે એ અવાજ માત્ર ૩૦ સેકન્ડના સેમ્પલ પરથી એઆઈ દ્વારા બનાવવામાં આવ્યો હતો. આ ઈમોશનલ એક્સપ્લોઈટેશન છે.

ડેડ ઈન્ટરનેટ થિયરી કદાચ ૧૦૦% સાચી ન હોય, પણ ‘ભરોસાનું સંકટ’ ચોક્કસ ૧૦૦% સાચું છે. ઈન્ટરનેટને બચાવવા માટે ત્રણ સ્તરે કામ કરવું પડશે.

**પહેલું**, સરકારની ભૂમિકા: ડીપફેક અને એઆઈ માટે કડક કાયદા લાવવા અને સાયબર પોલિસિંગને આધુનિક બનાવવું.

**બીજું**, ટેક કંપનીઓની જવાબદારી: એલ્ગોરિધમમાં માત્ર એન્ગેજમેન્ટ નહીં, પણ સત્યતા (ક્રેડિબિલિટી)ને મહત્વ આપવું.

**ત્રીજું**. જનતામાં જાગૃતિ: સૌથી મહત્ત્વનું પાસું. ડિજિટલ સાક્ષરતા હવે ઓપ્શનલ નથી, તે અનિવાર્ય છે.

## કેવી રીતે ઓળખવું કે શું સાચું છે?

» ઈમોશન ટ્રિગર: જો કોઈ પોસ્ટ વાંચીને તમને અતિશય ગુસ્સો કે રડવું આવે, તો તેને તરત શેર ન કરો. તે કદાચ તમને મેનીપ્યુલેટ કરવા માટે બનાવાઈ હોય.

» સ્ત્રોત (સોર્સ) તપાસો: શું આ સમાચાર કોઈ વિશ્વસનીય ન્યૂઝ સંસ્થાએ આપ્યા છે?

» રિવર્સ ઈમેજ સર્ચ: ગૂગલ લેન્સનો ઉપયોગ કરીને ફોટાની અસલિયત તપાસો.

» ડીપફેક ચિહ્નો: વીડિયોમાં આંખોનું પલકાવવું અકુદરતી હોય અથવા હોઠના હલનચલન અને અવાજ મેચ ન થતો હોય તો સાવધાન થઈ જાવ.

ડેડ ઈન્ટરનેટ થિયરીનો અર્થ એ નથી કે ઈન્ટરનેટ પર માણસો નથી પણ તેનો અર્થ એ છે કે ઈન્ટરનેટ પરથી ભરોસો મરી રહ્યો છે. જ્યારે ભરોસો મરે છે, ત્યારે સમાજ અરાજકતા તરફ જાય છે. એઆઈ એ એક સાધન છે, છરી જેવું. તેનાથી ફળ પણ કાપી શકાય અને નુકસાન પણ કરી શકાય.

એઆઈના આ જાળમાં તમારી ‘સમજણ’ જ તમારું સૌથી મોટું હથિયાર છે. કોઈપણ પોસ્ટ ફોરવર્ડ કરતા પહેલા બે મિનિટ થોભો અને વિચારો, આ કોણે બનાવ્યું હશે? શા માટે બનાવ્યું હશે? અને આનાથી કોનો ફાયદો થઈ રહ્યો છે? જે દિવસે આપણે સવાલ પૂછતા થઈશું, તે દિવસે બોટ્સ અને એઆઈ આપણને છેતરી નહીં શકે.

**ક્યારેક રસ્તા પર ઊભેલી એક વૃદ્ધ મહિલાનો હૃદયદ્રાવક વીડિયો સામે આવે છે, જેમાં તે રડતાં રડતાં કહે છે, મારો દીકરો નથી રહ્યો. લોકો ભાવુક થઈને તેને શેર કરે છે, લાખો લાઈક્સ મળે છે પરંતુ થોડા સમય પછી ખબર પડે છે કે એ વૃદ્ધ મહિલાનું કોઈ અસ્તિત્વ જ નથી!**